ગ્રામ પંચાયતોને ગૌચર તથા ગ્રામ પંચાયતોને સંપ્રાપ્તિપેલ અન્ય જાહેર જમીનો પરના દબાણો દૂર કરવા અંગેની સૂચનાઓ

ગુજરાત સરકાર
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃજમનઃ૨૦૦૩-૨૩૧૬-ચ
સચિવાલય,ગાંધીનગર
તારીખ:૩૦/૭.૨૦૦૩

વંચાણે લીધાઃ
૧. પંચાયત અને આરોગ્ય વિભાગના પરિપત્રક્રમાંકઃ જમનઃ૩૦૬૭-ચ,તાઃ૨૨.૯.૧૯૬૬
૨. પંચાયત અને આરોગ્ય વિભાગના પરિપત્રક્રમાંકઃ જમનઃ૩૦૬૭-ચ,તાઃ૧.૮.૧૯૬૭
૩. પંચાયત અને આરોગ્ય વિભાગના પરિપત્રક્રમાંકઃ જમન ૩૦૬૭-૯૨૮૯-ચ,તાઃ૨૩.૧૦.૧૯૭૦
૪. પંચાયત અને આરોગ્ય વિભાગના પરિપત્રક્રમાંકઃ જમનઃ૧૦૬૭-૧૦૧૭-ચ,તાઃ૨૭.૯.૧૯૭૧
૫. પંચાયત અને આરોગ્ય વિભાગના પરિપત્રક્રમાંકઃ જમનઃ૩૦૭૪-૩૭૧૪-ચ,તાઃ૭.૯.૧૯૭૪
૬. પંચાયત અને આરોગ્ય વિભાગના પરિપત્રક્રમાંકઃ જમનઃ૩૦૭૩-૭૯૩-ચ,તાઃ૬.૯.૧૯૭૫
૭. પંચાયત,ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના પરિપત્રક્રમાંકઃ ખતરઃ૩૦૭૮-૮૨-ચ તાઃ ૧૦.૯.૭૯
૮. પંચાયત,ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના પરિપત્રક્રમાંકઃજમનઃ૧૪૦૯-૭૫૪૪-ચ તાઃ૩.૧૨.૧૯૮૨
૯. પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગના પરિપત્રક્રમાંકઃજમનઃ૩૬૮૪-૫૨૨૪-ચતાઃ૧૬.૧૨.૮૬
૧૦.પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગના પરિપત્રક્રમાંકઃજમનઃ૧૪૮૮-૪૧૫૬-ચ તાઃ૧૩.૧૨.૮૮
૧૧.પંચાયત.ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનાં તાઃ૨૭.૧.૨૦૦૦ ના પરિપત્રક્રમાંકઃ જમનઃ૧૦૯૯-૧૬૩૧-ચ
૧૨.પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તાઃ૧૩.૬.૨૦૦૧ના પરિપત્રક્રમાંકઃ જમનઃ ૨૦૦૧-૧૦૦૧-ચ

પ રિ પ ત્ર

ગ્રામ પંચાયતો દ્વારા ગૌચર અને પંચાયતોને સંપ્રાપ્ત અન્ય જાહેર જમીનો પરના દબાણો દૂર કરાવવા આમુખમાં જણાવેલ પરિપત્રોથી સૂચનાઓ આપવામાં આવેલ છે. સદરહુ પરિપત્રો અન્વયે સમયાંતરે આપવામાં આવેલ સૂચનાઓ સંકલિત કરી, નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

૨. ગુજરાત ગ્રામ અને નગર પંચાયતોના મંત્રીઓ (ફરજો અને કરજો ) નિયમો-૧૯૬૩ના નિયમ-૩ ના કલોઝ (જી) અન્વયે દરેક ગ્રામ પંચાયતના તલાટી-કમ-મંત્રીની તેમજ નિયમ-૪ના કલોઝ (જી) અન્વયે દરેક નગર પંચાયતના મંત્રીશ્રીની ફરજ છે કે પંચાયત કે સરકારી જમીન માં

દબાણ હોય તો કલેકટરશ્રીને તુરત જ જાણ કરવી અને આવા દબાણો દુર કરવા તમામ પગલાં લેવા સંબંધિત મંત્રી ફરજ પાલનમાં બેદરકારી કે નિષ્ક્રીયતા બતાવે તો આવા મંત્રીની સામે જરુરી પગલાં લેવા. વધુમાં પંચાયતને ફાળવવામાં આવેલ સર્કલ ઇન્સ્પેકટર ગામોની મુલાકાત દરમ્યાન દબાણો શોધી કાઢવા અને દૂર કરાવવા પ્રયત્નશીલ રહે અને આ અંગેની કાર્યવાહીની તેમની પ્રવાસ નોંધમાં અવશ્ય નોંધ કરે અને પ્રવાસ નોંધ તપાસનાર અધિકારી ચકાસણી કરતા રહે.

૩. દરેક સ્તરની પંચાયતો તરફથી દબાણો તાત્કાલિક દૂર કરાવવા અસરકારક પગલાં લેવામાં આવે અને વધુ કોઇ દબાણો થવા ન પામે તે માટે દરેક ગ્રામ પંચાયતની કચેરીમાં દબાણોના કિસ્સાઓનું રજીસ્ટર રાખવું ને રજીસ્ટરમાં દબાણના તમામ કિસ્સાઓની નોંધ કરવી. જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયતમાં અને તાલુકા પંચાયતમાં દબાણના કિસ્સાઓ અને તે ઉપર થયેલી તજવીજ અંગે તકેદારી રાખવા રજીસ્ટર રાખવું.

૪. ગ્રામ પંચાયતમાં સંપ્રાપ્ત થયેલ ગૌચરની અને બીજી જમીનો પર અનધિકૃત રીતે ઉગાડેલો પાક દૂર કરવાની સત્તા ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૧૦૫(૨) મુજબ ગ્રામ પંચાયતોને છે તેમજ ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૧૦૫(૭) મુજબ જે તે તાલુકા પંચાયત પણ આ અંગે પગલાં લઇ શકે.

બીન પરવાનગીથી થતાં વાવેતરો ઢોરો પાસે ભેલાણ કરીને દૂર કરાવવામાં આવે છે. અસાધારણ સંજોગો સિવાય આમ ન કરવું અને આવો પાક દૂર કરવા માટે પંચાયત કોઇને હરાજીથી પાક દૂર કરવાની કામગીરી આપે અને હરાજીમાં રાખનાર વ્યકિત તે પાક લઇ જઇ શકે અને પંચાયતોને પોતાની જમીન ઉપર અનધિકૃત રીતે થયેલ વાવેતરની હરાજીમાંથી કિંમતની રકમ વળતર રકમ તરીકે મળી રહેશે. દબાણ કરનારે કરેલી મહેનત અને ખર્ચ નકામા થતાં તેને દબાણ કરવાનું આકર્ષણ રહેશે નહીં.

૫. વિકાસ કમિશ્નરશ્રી તરફથી તેમજ જીલ્લા પંચાયત તરફથી પંચાયતોની તપાસણી કરવામાં આવે ત્યારે અવશ્ય દબાણ રજીસ્ટરની ચકાસણી કરવી અને દબાણના કિસ્સામાં ઢીલ થવા પામેલ નથી તેની ખાત્રી કરવી.

૬. તલાટી-કમ-મંત્રીની તાલુકા કક્ષાએ મળતી બેઠકમાં આ દબાણો અંગે થયેલ તજવીજની સમીક્ષા કરવી અને પ્રગતિ તપાસી વિશેષ જરુરી સુચનાઓ આપવી અને ઢીલ કે બેદરકારી જણાતાં જવાબદાર સામે પગલાં લેવા.

૭. પંચાયતના સર્કલ ઇન્સ્પેકટરોએ દબાણ દૂર કરાવવા અંગત ધ્યાન આપવું અને તાલુકા વિકાસ અધિકારીશ્રીએ દર મહીને પ્રગતિની સમીક્ષા કરી યોગ્ય તજવીજ નિયમાનુસાર કરવી.

૮. જુના દબાણના કિસ્સાઓમાં દબાણ દૂર કરાવવા તાત્કાલિક તજવીજ કરવી.

૯. જાહેર જમીનો પરના દબાણો દૂર કરાવવા તે પંચાયતની પંચાયત ધારા નીચે ફરજ છે અને પંચાયત તે ફરજ બજાવી શકે તે માટે ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૧૦૫ (૨)(૬)(૭)નીચે તેને પૂરતા અધિકારો અને સત્તા પણ આપેલ છે. તેમ છતાં ગ્રામ પંચાયતો આવા દબાણો દૂર કરાવવામાં શિથિલ કે નિષ્ક્રિય જણાય તો તેવી પંચાયતોને ગુજરાત પંચાયત અધિનિયમો કલમ-૨૫૩ નીચે સુપરસીડ કરવા જીલ્લા વિકાસ અધિકારીશ્રીએ વિકાસ કમિશ્નરશ્રીને દરખાસ્ત મોકલવી.

૧૦. જે કિસ્સાઓમાં દબાણ દૂર કરાવવામાં શિથિલતા કે નિષ્ક્રીયતા દેખાય તે કિસ્સામાં સંબંધકર્તા અધિકારીઓના ખુલાસા મેળવીને તેઓ સામે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પગલાં લેવા.

૧૧. સરકારી જમીન પરના દબાણો જો પંચાયત દૂર કરાવવા માંગતી હોય તો અને સદરહુ દબાણ પંચાયત દૂર કરાવી શકે તેમ છે તેમ કલેકટરશ્રીને ખાત્રી થાય તો કલેકટરશ્રીની મંજુરીથી પંચાયતે તેવું દબાણ દૂર કરાવવું.

૧૨. જમીન દબાણના જે કિસ્સાઓમાં ગ્રામ પંચાયતો તેવા દબાણો દૂર કરાવવા માટે એક વર્ષ જેટલો સમય લે તો ગ્રામ પંચાયતો માટે આવું દબાણ દૂર કરાવવું મુશ્કેલ કાર્ય છે. તેવું અનુમાન તાલુકા વિકાસ અધિકારીશ્રીએ કરી ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૧૦૫(૬) નો ઉપયોગ કરી આવું દબાણ તાકીદે દૂર થાય તેવા પગલાં લેવા. આ અંગેની તમામ જવાબદારી તાલુકા વિકાસ અધિકારીની રહેશે.

૧૩. દબાણો દૂર કરવા માટેની સુચનાઓનો ચુસ્ત અમલ કરવા માટે ગ્રામ પંચાયતોને પંચાયત ધારા હેઠળ મળેલ સત્તાઓનો ઉપયોગ કરવા વિનંતી છે.

૧૪. દબાણ દૂર કરાવવા અંગેનો માસિક પ્રગતિ અહેવાલ તેના પછી આવતા માસની દશ તારીખ સુધીમાં અચૂક વિકાસ કમિશ્નરશ્રી તેમજ આ વિભાગને મોકલવો. વિકાસ કમિશ્નરશ્રીએ દબાણ દૂર કરવાની પ્રગતિ અંગે સમયાંતરે સમીક્ષા (Review) કરીને સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને તાકીદ કરીને દબાણોની સંખ્યા ઘટાડવા સક્રિય પ્રયત્નો કરવા વિનંતી કરવામાં આવે છે.

૧૫. સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે કે પંચાયતને સુપ્રત થયેલ ગૌચર કે અન્ય સાર્વજનિક જમીનો પરના દબાણો દૂર કરાવવામાં કેટલીક પંચાયતો પુરતી પ્રયત્નશીલ હોતી નથી તેમજ જીલ્લા

તાલુકા પંચાયતોના અધિકારીઓ પણ આવી જમીનો પરના દબાણો દૂર કરાવવા માટે પુરતા પ્રમાણમાં કાર્યશીલ હોતાં નથી. કેટલાંક જીલ્લાઓમાં દબાણોના રજીસ્ટરો પણ વ્યવસ્થિત રાખવામાં આવતાં નથી

૧૬. આથી સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને ભારપૂર્વક જણાવવામાં આવે છે કે જાહેર જમીનો પરના દબાણો દૂર કરવા માટે આ પરિપત્રથી આપેલ સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવી / કરાવવી અને તેનો કડક અમલ થાય તે જોવું અને જે પંચાયત દબાણ દુર કરવા માટે નિષ્ક્રીય જણાય તેને ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૨૫૩ નીચે સુપરસીડ કરવા માટે વિકાસ કમિશ્નરશ્રીને અચુક જરૂરી દરખાસ્ત કરવી.

૧૭. સને ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઇ મુજબ ગ્રામ પંચાયતોમાં ગૌચર તથા પંચાયતમાં સંપ્રાપ્ત થયેલ અન્ય જાહેર જમીનો પરના દબાણો દૂર કરવાની જવાબદારી સંબંધિત ગ્રામ પંચાયત તથા તાલુકા પંચાયતની થાય છે, પરંતુ અનુભવે એવું માલુમ પડેલ છે કે સ્થાનિક સંસ્થા તરફથી તે અંગેની કાર્યવાહી હાથ ધરતાં સંબંધિત ઇસમો તરફથી અડચણ ઉભી થતાં સુલેહ શાંતિ ભંગ થાય તેવી પરિસ્થિતિ ઉભી થવાની શકયતા પ્રવર્તે છે. જેને પરિણામે પંચાયતો ધ્વારા આવા દબાણો પુરતા પ્રમાણમાં દૂર કરાવી શકતી નથી. પરિણામે આવા દબાણોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે. આ સંજોગોમાં દબાણો દુર કરતી વખતે સુલેહશાંતિ જળવાય તે હેતુથી પંચાયતોને પોલિસ સહાય વિના મૂલ્યે આપવા સરકારના ગૃહ વિભાગે સરકારી કચેરીઓની કામગીરી માટે પોલીસ બંદોબસ્ત કરી આપવાના તેમના તા:૧૭.૪.૭૯ ના પરિપત્ર ક્રમાંક:જીઆરડી-૧૪૭૮-૫૦૦૧-સ, તા:૧૨.૧૦.૮૨ના સુધારા ક્રમાંક:જીઆરડી:૨૪૭૮-૫૦૦૧-સ થી નીચે મુજબનો સુધારો કરેલ છે.

(૨) ''પંચાયતો સ્થાનિક સંસ્થા છે તેથી પંચાયતોને ફકત ''કાયદો અને વ્યવસ્થા ''જાળવવા માટે પોલીસ બંદોબસ્ત મદદ વિના મુલ્યે આપવી. ઉપરાંત પંચાયતોને તબદીલ થયેલા કાર્યો જેવા કે વસૂલાત કરવી તથા બિનઅધિકૃત દબાણો દૂર કરવા માટે સંબંધિત ઇસમો તરફથી અડચણ ઉભી થતાં સુલેહ શાંતિનો ભંગ થાય એવી પરિસ્થિતિ ઉભી થવાની શકયતા જણાય તો તેવા કિસ્સાઓમાં પણ પંચાયતોને વિના મૂલ્યે પોલીસ મદદ બંદોબસ્ત આપવો ''

ઉપરોકત સૂચના અનુસંધાને જરુરતના પ્રસંગે વિના મૂલ્યે પોલિસ સહાય મેળવવા માટે પોલિસ ખાતાનો સંપર્ક સાધવા સર્વે પંચાયતોને અનુરોધ કરવામાં આવે છે.

૧૮. ગ્રામ પંચાયતોને સંપ્રાપ્ત ગૌચર તથા અન્ય જાહેર જમીનો પરના દબાણો દૂર કરાવવા લોકો તરફથી રજૂઆતો થાય છતાં અધિકારીઓ કર્મચારીઓ તે બાબતને ગંભીર ન લેખે તેવું પણ જોવામાં

આવેલ છે. જે બાબત શોચનીય ગણાય. ક્યારેય ગૌચર સરકારી જમીનો પર કોઇ ગેરકાયદેસર દબાણો ન થાય તેની જવાબદારી અધિકારી - કર્મચારીઓ ચોક્સાઈ રાખતા ન હોવાથી તેમજ તેવી પ્રવૃત્તિ તરફ આંખ મીચામણાં કરતાં હોવાથી દબાણ પ્રવૃત્તિને ઉત્તેજન મળે છે. ગૌચર તથા અન્ય જમીનો સાચવવાની જે સ્થાનિક અધિકારીઓ કર્મચારીઓને જવાબદારી સોંપવામાં આવેલ છે તે તમામ તેમની ફરજો, જવાબદારી બજાવવામાં કોઇ કસુર ન કરે તે જોવા અને તેઓને સચેત રાખવા સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

આ બાબતે તેઓશ્રી તરફથી લેવામાં આવેલ પગલાંઓ અંગેની જાણ વિકાસ કમિશ્નરશ્રી મારફત આ વિભાગને કરવા પણ વિનંતી કરવામાં આવે છે.

૧૯. ગ્રામ પંચાયતોને સંપ્રાપ્ત ગૌચર તથા અન્ય જાહેર જમીનો પરના દબાણો નિરંતર વધતા જાય છે. આ દબાણો વધવાની પ્રવૃત્તિને સરકાર ગંભીર ગણે છે. દબાણો શોધવા તથા દૂર કરાવવા બાબતમાં સઘન અને સક્રિય પગલાં ભરાય તે જોવા સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને વિનંતી કરવામાં આવે છે. જે જિલ્લાઓમાં દબાણ સેલ ઉભા કરાયેલ છે તે દબાણસેલે પણ દબાણો શોધી કાઢવા અને દૂર કરવા બાબતમાં સક્રિય કાર્યવાહી હાથ ધરે તે જરૂરી છે. દબાણો દૂર કરાવવાની સત્તા ગ્રામ તાલુકા પંચાયતોને છે, પરંતુ દબાણસેલો ધ્વારા આવા દબાણો શોધી કાઢવા અંગે સક્રિય પગલાં લેવાય ને જરૂરી છે. જેથી દબાણ દૂર કરવાની કાર્યવાહીને વેગ મળી શકે.

૨૦. આવા દબાણો દુર થાય તેમજ નવા દબાણો થતા અટકે તે હેતુથી ગ્રામ પંચાયત ખાતે નીચે વિગતો આવરી લઇને એક દબાણ રજીસ્ટર રાખવા આથી જણાવવામાં આવે છે.

૧. ગેરકાયદેસર બાંધકામ દબાણ થવાનું ધ્યાનમાં આવે અથવા તે સંબંધી ફરીયાદની તારીખ પંચાયતને જાણ થયાની તારીખ

૨. પંચાયત ધ્વારા લેવાયેલ પગલાંની વિગત

૩. છેવટની સ્થિતિ

૪. વસુલ કરેલ દંડ તેમજ દબાણ દુર કર્યા અંગેની તારીખ

તાલુકા જિલ્લામાંની પંચાયતની મુલાકાતે આવનાર અધિકારીઓને આ રજીસ્ટર વખતોવખત ચકાસણી કરવાની રહેશે અને તેમના રીમાર્કસ લખવાના રહેશે.

પંચાયત ધ્વારા રાખવામાં આવતાં ઉપરોકત દબાણ રજીસ્ટરને અનુલક્ષીને આવા દબાણો દુર કરવા સંબંધે સંબંધિત ગ્રામ પંચાયત ધ્વારા લેવામાં આવેલ પગલાંની સમીક્ષા તાલુકા વિકાસ

અધિકારીશ્રીએ તલાટી કમ મંત્રીશ્રીઓની બેઠક બોલાવીને કરવાની રહેશે. આવા સમીક્ષા અંગેનો અહેવાલ જીલ્લા વિકાસ અધિકારીશ્રીને દર ત્રણ માસે મોકલવાનો રહેશે. જીલ્લાનો સર્વગ્રાહી અહેવાલ તૈયાર કરી સંબંધિત જીલ્લા વિકાસ અધિકારીશ્રીને દબાણો થતા અટકે તે અંગે ચોકકસ વ્યવસ્થા નિર્માણ થાય તેવી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવે છે.

ઉપરોકત સૂચનાઓ તાબાની ગ્રામ પંચાયતના ધ્યાન પર લાવવા તેમજ તેનો ચુસ્તપણે અમલ થાય તે જોવા સર્વ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ / તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને આથી જણાવવામાં આવે છે.

૨૧. ગ્રામ પંચાયતોમાં દબાણ રજીસ્ટરો રખાતા ન હોવાથી આવા દબાણોને નિયંત્રીત કરવાનાં અને માહિતી અદ્યતન કરવાનો મૂળભૂત હેતુ સચવાતો નથી. આથી આ સાથે રાખેલ પત્રકોના નમૂના મુજબ દરેક ગ્રામ પંચાયતો પાસેથી માહિતી મેળવી એકત્રિત માહિતી વિકાસ કમિશ્નરશ્રીને મોકલવા સર્વ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને આથી જણાવવામાં આવે છે.

આ બાબતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી તરફથી લેવામાં આવેલ પગલાંઓ અંગેની જાણ વિકાસ કમિશ્નરશ્રી મારફત આ વિભાગને કરવા પણ વિનંતી કરવામાં આવે છે.

ઉપર મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવા સંબંધિત સર્વેને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. ડી. પટેલ.
ઉપસચિવ
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ

વિકાસ કમિશનરશ્રી (૧૦ નકલો) ગુજરાત રાજ્ય,ગાંધીનગર
સર્વ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વ કલેકટરશ્રીઓ
સર્વ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
મહેસુલ વિભાગ લ-શાખા સચિવાલય,ગાંધીનગર
માન.પંચાયતમંત્રીશ્રીના અંગતસચિવશ્રી તરફ જાણ માટે
પ.મ અને ત-શાખા પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
સિલેકટ ફાઇલ

અનેક્ષર-૧

# ગ્રામપંચાયતકક્ષાએ દબાણ રજીસ્ટર નિભાવવા અંગેની સ્થિતિ દર્શાવતું પત્રક

પત્રક :- ૧

જીલ્લા પંચાયતનું નામ :- ____________

| અ.નં. | તાલુકાનું નામ | ગ્રામપંચાયતોની કુલ સંખ્યા | દબાણ રજીસ્ટર રાખનાર ગ્રામપંચાયતોની સંખ્યા | હજુ સુધી દબાણ રજીસ્ટર ન રાખનાર ગ્રામપંચાયતોની સંખ્યા | કારણો |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |
| ૬ | | | | | |
| ૭ | | | | | |
| ૮ | | | | | |
| ૯ | | | | | |
| ૧૦ | | | | | |
| ૧૧ | | | | | |
| ૧૨ | | | | | |
| ૧૩ | | | | | |
| ૧૪ | | | | | |
| ૧૫ | | | | | |
| ૧૬ | | | | | |

(પાછળ)

(૨૨)

(૭)

એનેક્ષર-૨

# ગ્રામપંચાયતકક્ષાએ દબાણ રજીસ્ટર નિભાવવા અંગેની સ્થિતિ દર્શાવતું પત્રક (

પત્રક :- ૨

જીલ્લા પંચાયતનું નામ :- ________

| અ.નં. | ગ્રામપંચાયતનું નામ | તલાટી કમ મંત્રીનું નામ | કઈ તારીખથી હોદા પર છે | દબાણ રજીસ્ટર ન રાખવાના કારણો |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |
| ૭ | | | | |
| ૮ | | | | |
| ૯ | | | | |
| ૧૦ | | | | |
| ૧૧ | | | | |
| ૧૨ | | | | |
| ૧૩ | | | | |
| ૧૪ | | | | |
| ૧૫ | | | | |
| ૧૬ | | | | |
| ૧૭ | | | | |
| ૧૮ | | | | |
| ૧૯ | | | | |
| ૨૦ | | | | |